# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ- રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૩/૧૯-૨૦/૨૨–૨** **તા.૦૨–૦૧–૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ-રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૮/ક્વા-૩/૧૯-૨૦**

અરજદાર: કેતનભાઈ જીવાભાઈ કારાવદરા ગામ: પોરબંદર

રજૂઆત કરનાર: અરજદાર કેતનભાઈ જીવાભાઈ કારાવદરા સાથે ભીખાભાઈ ડાયાભાઈ ઝાંઝડીયા – તથા માલદેભાઈ અરજનભાઈ ગોરાણીયા તેમજ અલ્પાબેન બાલુભાઈ ઓડેદરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – પોરબંદર ગ્રામ્ય

રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી જી.બી.વાઘેલા અને તેમની સાથે કે. એસ. સિંધવ (**Dy.S.A.**) પીજીવીસીએલ વિભાગીય કચેરી – પોરબંદર ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ-
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ- વર્તુળ કચેરી- જુનાગઢ

તારીખ: ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા. અરજદાર દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૯ ના રોજ રૂબરૂ હિયરીંગ દરમ્યાન વિશેષ રજૂઆત કરેલ – જેને રેકોર્ડ ઉપર લીધેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

અરજદારની તા. ૦૨-૧૧-૨૦૧૯ ની રજૂઆત નીચે મુજબ છે.

૨.૧ અરજદાર દ્વારા પોરબંદર જીલ્લો/તાલુકા ના અડવાણા ગામે બ્લેક ટ્રેપ ખનીજ ઉત્ખનન માટે 52 HP ના નવા ઔદ્યોગીક વીજ જોડાણની માંગણી કરતી અરજી પેટા વિભાગીય કચેરી બગવદર ખાતે તારીખ ૦૭/૦૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતી. અરજીનાં અનુસંધાને પીજીવીસીએલ પેટા-વિભાગ કચેરી બગવદર દ્વારા તારીખ ૨૮/૦૧/૨૦૧૯ ના રોજ પત્ર નં. બી.એસ.ડી./બિલિંગ/૭૫૩ દ્વારા જણાવવામાં આવેલ કે લેણાની બાકી રકમ

ભરવાની હોય તે ભરીને અરજી કરવા જણાવેલ તેવું કારણ આપીને મને સુચિત જગ્યા પર વીજ જોડાણ મળી શકે નહી - તેવું જણાવેલ હતું.

૨.૨ વર્ષ ૨૦૧૪ માં જે મે વીજજોડાણ માટે માંગણી કરેલી હતી તેમાં ના પાડતા / નામંજુર કરેલી હતી. તેથી પીજીવીસીએલ કંપની સામે મે પોરબંદરની પ્રિન્સિપાલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.ડી.યુ.૨૫૩/૨૦૧૪ થી દાવો દાખલ કરેલ હતો અને આ દાવાના કામના વચગાળાની આદેશાત્મક મનાઈ હુકમ મળવા માટેની માંગણી કરેલ જે નામદાર કોર્ટ દ્વારા તારીખ ૨૬/૦૨/૨૦૧૬ ના રોજ હુકમ કરીને મનાઈ હુકમ મળવાની અરજી રદ કરવામાં આવેલ ત્યારે તે દાવો નામદાર કોર્ટમાં સબ જયુડીશ્યલમાં કરેલો હતો. જે વર્ષ ૨૦૧૪ માં પીજીવીસીએલ ના વીજ જોડાણ માટે અરજી કરેલી હતી તેના માટેનો હતો. જેમાં પણ મને વીજજોડાણ મળી શકે નહી તેવું કહેલું હતું.

૨.૩ ઉપરોક્ત બાબતે અત્યારે કરેલી અરજીને કાઈ લાગતું-વળગતું નથી. તેમ છતાં એવું કારણ આપવામાં આવેલ કે દાવો સબ જયુડીશ્યલ કોર્ટમાં હોવા છતાં અરજી કરવામાં આવેલ હોય અને તેથી નામદાર કોર્ટે આપેલા હુકમ અન્વયે કાર્યવાહી કરવાની રહેતી હોય તેથી વીજ જોડાણ આપી શકાય નહી. ત્યારબાદ ૨૦/૦૬/૨૦૧૯ ના રોજ મારો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ડીસ્પોઝ કરવામાં આવતાં તથા તે વખતે મારા પુત્ર ની તબિયત સારી ન હોવાથી હું કોર્ટમાં હાજર ન રહેતા દાવાને ડીસ્પોઝ કરવામાં આવેલ.

૨.૪ પીજીવીસીએલ કચેરી અને લીગલ પેનલ એડવોકેટ દ્વારા બતાવવામાં આવેલ કે તમને વીજ જોડાણ મળી શકે નહી તે મને સ્વીકાર્ય નથી. પરંતુ કાયદાકીય રીતે અજાણ હોવાથી મે વીજ જોડાણ બાબત કાયદાના જાણકારનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો જેમાં એડવોકેટની બેદરકારીને કારણે તથા અનિવાર્ય સંજોગો તથા પુત્રની તબિયત સારી ન હોવાથી મે રાહ જોવાનું હિતાવહ સમજ્યું કે કોર્ટની બાબત પુરી થાય પછી ફરીથી પ્રક્રિયા શરુ કરીએ. નામદાર કોર્ટની બાબત ક્લીયર થતા તારીખ ૧૬/૦૭/૨૦૧૯ ના રોજ નાયબ ઈજનેર પેટા-વિભાગ કચેરી બગવદરને કાગળ લખેલ હતો. તેમાં મારી અરજીની પ્રક્રિયા આગળ વધારીને સ્થળ તપાસ અને પંચ રોજકામ કરવાની નમ્ર અરજ કરેલ હતી. તથા જે જરૂરી પુરાવા હોય તે પુરા પાડવાની બાંહેધરી આપેલ હતી. જે પીજીવીસીએલ કચેરી પેટા-વિભાગ બગવદર દ્વારા તારીખ ૦૯/૦૮/૨૦૧૯ ના રોજ સ્થળ રોજકામ અને નકશો પંચની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ જેમાં રાણા જેઠા કારાવદરા ની જગ્યા અને મારી વીજ જોડાણની માંગણી કરેલી જગ્યા અલગ છે તે સ્પષ્ટપણે જણાય આવે છે.

૨.૫ ત્યારબાદ તારીખ ૧૯/૦૮/૨૦૧૯ ના રોજ બી.એસ.ડી./લીગલ/૫૧૮૭તારીખ ૧૩/૦૮/૨૦૧૯ તથા પી.આર.ડી./રેવ./૧૭૫૫ ના પત્ર વ્યવહાર મુજબ જે જમીન લીઝ ૪૫૨ પૈકી દ્વારા પાવરચોરીનો કેસ થયેલ હતો. તે પુનીત એન્ટરપ્રાઈઝ c/o રાણા જેઠા કારાવદરા ના નામનો થયેલ હતો. તેની વિરુધ્ધ ફરિયાદ પણ નોંધાયેલ હતી તથા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ તથા નામદાર સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલતા તથા એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ પોરબંદર દ્વારા તારીખ ૧૦/૦૮/૨૦૧૯ ના રોજ જેના પર ઈલેક્ટ્રીસીટી નો ગુનો દાખલ કરવામાં આવેલ હતો તેને ઈજ્જત સાથે છોડી મુકવામાં આવેલ હતા. તેમ છતાં વીજ જોડાણ ના ગ્રાહક નં. ૩૫૭૨૯/૦૧૦૧૩/3 જે બગવદર પેટા વિભાગીય કચેરીના રેકર્ડ તપાસ કરતાં વીજ જોડાણ સર્વે નંબર ૪૫૨ પૈકી પર આવેલ હતું જે તદન સાચી વાત છે. તેમને ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ- વિદ્યુત જાહેરનામા ક્રમાંક નં. ૪/૨૦૧૫ માં જણાવ્યા મુજબ ક્લોઝ ૪.૩૦ મુજબ દર્શાવેલ સર્વે નંબર ૪૫૨ પૈકી પર લાગુ પડે છે. આ પત્રમાં ખોટું અર્થઘટન કરીને જણાવેલ કે અરજદાર શ્રી કેતન જીવા કારાવદરા દ્વારા નવા વીજ જોડાણ માટે અરજી કરવામાં આવેલ છે. તે જોડેલા દસ્તાવેજ મુજબ અને મંજુર થયેલ લીઝ સર્વે નંબર ૪૫૨ પૈકી પર છે. પરંતુ હું- અરજદાર દ્વારા સાધનિક કાગળો તથા દસ્તાવેજી પુરાવા સાથે પુરવાર કરેલ કે લીઝ તથા જે માંગણી વાળી જગ્યા છે. તે સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ એ મુજબ દર્શાવેલ છે.

૨.૬ તેમછતા- પીજીવીસીએલ કચેરી અને લીગલ પેનલ એડવોકેટ દ્વારા કરવામાં આવે છે. ખરું જોતા સર્વે નંબર ૪૫૨ જે અડવાણા ગામતળની જમીન છે. જેમાં ઔદ્યોગીક હેતુ માટે જુદા જુદા વ્યક્તિઓને કાયદાની જોગવાઈ અનુસાર ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં અરજદાર કેતન જીવા કારાવદરા અને કે.એમ.ગરેજા- પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા કારાવદરા અને સામત દેવા ઓડેદરા ને ફાળવેલી છે. જો સર્વે નંબર ૪૫૨ ને વીજ જોડાણ માટે વિવાદિત ગણવામાં આવે તો ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

૨.૭ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી બગવદર અને કાર્યપાલક કચેરી પોરબંદર દ્વારા લીગલ પેનલ ના અભિપ્રાય મુજબ જે જગ્યા પર વીજ જોડાણની માંગણી કરવામાં આવેલ છે. તે જગ્યા પર ચોરી થયેલ છે. તે અંગેની સ્પષ્ટતા ન હોય અને તેમજ શ્રી તલાટી મંત્રી અડવાણા દ્વારા અને નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી- બગવદર દ્વારા જણાવવામાં આવેલ સદર લીઝવાળી જગ્યા અને વિવાદિત જગ્યા બન્ને અલગ છે જે બાબતે કાર્યપાલક વિભાગીય કચેરી (ગ્રામીણ) પોરબંદર દ્વારા ભૂસ્તરશાસ્ત્રી ખાણ-ખનીજ ખાતા પોરબંદર પાસેથી માહિતી માંગવાનો અનુરોધ કરેલ અને વીજ જોડાણ આપવા અંગેનું "નો ઓબ્જેક્શન સર્ટી" માંગવામાં આવેલ હતું. વીજજોડાણ ના ગ્રાહક નંબર ૩૫૭૨૯/૦૧૦૧૩/૩ વાળી જગ્યાએ અરજદાર દ્વારા માંગણી કરેલ જગ્યા જે લીઝના દસ્તાવેજ છે તેની ખરાઈ કરવા માટે માંગણી કરેલ હતી. જે માંગણીના સંદર્ભમાં મે તારીખ ૨૦/૦૯/૨૦૧૯ ના રોજ "નો ઓબ્જેક્શન સર્ટી" તથા અન્ય સાધનિક પુરાવાઓ અરજદાર તરફથી રજુ કરવામાં આવેલા હતા. તેઓ ને વીજ જોડાણ ન આપવાનું કારણ પૂછેલ હોય તેમનો પ્રત્યુતર આપવા નમ્ર અરજ કરેલ હતી. જે અનુસંધાને તારીખ ૧૪/૧૦/૨૦૧૯ ના રોજ લખેલ પત્ર નંબર બી.એસ.ડી./ન્યુ કનેક્શન/૬૨૬૦ અને વિભાગીય કચેરીના પત્ર નંબર પી.આર.ડી./રેવ./૨૧૫૩ તારીખ ૧૪/૧૦/૨૦૧૯ મુજબ ફરી પાછુ ભૂસ્તરશાસ્ત્રી શ્રી પોરબંદર ના પત્ર નંબર ભૂ.પો./કયુ.એલ./રીન્યુ./૪૨૮/૩૩૮૩ તારીખ ૨૦/૦૯/૨૦૧૯ ના પત્ર અન્વયે વીજ જોડાણ આપવાની ભલામણ સાથે લીઝ બાબતે જે વિષય વસ્તુ અને "નો ઓબ્જેક્શન સર્ટી" તથા વીજ જોડાણના ગ્રાહક નંબર ૩૫૭૨૯/૦૧૦૧૩/૩ વાળા વિવાદિત જગ્યા અને અરજદાર દ્વારા માંગણી કરેલ જગ્યા અલગ અલગ છે. તેવું લીઝના દસ્તાવેજ પરથી તથા ગામના નકશા- ૭-૧૨ અને ૮-અ અને હક્ક પત્રક નંબર-૬ માંથી ફલિત થાય છે- કે વિવાદ વાળી જગ્યા અને વીજ જોડાણની માંગણીવાળી જગ્યા બેઉ અલગ અલગ છે. કોઈ વિવાદ કે તકરાર કે કોર્ટની કાર્યવાહી સંબંધિત કોઈ મુદો નથી. તેમ છતાં પીજીવીસીએલ કચેરી તથા લીગલ પેનલ એડવોકેટ દ્વારા માંગણીવાળા સ્થળ પર અગાઉ ચોરી કેસ થયેલ છે- અને લેણાની રકમ હજુ સુધી ભરપાઈ થયેલ નથી. તથા હાલમાં દીવાની દાવો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે અને રોજકામ વખતે હું હાજર હતો. તથા મારી હાજરીમાં રોજકામ કરવામાં આવેલ હતું.. વધુમાં એવું જણાવવામાં આવેલ કે નામદાર કોર્ટમાં પીજીવીસીએલ સામેનો આદેશાત્મક મનાઈ હુકમ મળવા માટે માંગણી કરતી અરજી કરવામાં આવેલ જે નામદાર કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ અને દાવો પણ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરીને ડીસ્પોઝ કરવામાં આવેલ. પરંતુ તેમનું કારણ પાવરચોરીના બાકી લેણાની રકમ ન હતી કારણ કે હું પીજીવીસીએલનો ગ્રાહક નથી કે મે કોઈ વીજ ચોરી કરીને ગુનો કર્યો નથી. તો પણ બાકી લેણાની રકમ માંગવામાં આવે છે.

૨.૮ ઉપરાંત ખોટી રીતે રાણા જેઠાના કેસમાં પ્રતિનિધિ તરીકે જોડવામાં આવે છે. મે કોઈ ચેકીંગશીટ કે રોજકામમાં સહી કરેલ નથી. પરંતુ જો ગ્રાહકના પ્રતિનિધિ તરીકે સહી કરેલ હોય તો પણ કોઈ ગુનો બનતો નથી કે કાયદાનું કઈ ઉલ્લંઘન કર્યું નથી. આમ છતાં હું ખરાઈ કરીને કહું છું કે મારૂ કાયદાકીય ધંધાકીય કે અન્ય કોઈ રીતે રાણા જેઠા તથા વીજચોરી ની વિવાદિત જગ્યા સાથે લેવા-દેવા નથી. તો પણ પીજીવીસીએલ ના લીગલ અભિપ્રાય મુજબ ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના જાહેરનામા ની ક્લોઝ ૪.૩૦ લગાડીને વીજ જોડાણ ન આપવું જોઈએ તેવો અભિપ્રાય આપેલો છે.

૨.૯ અરજદારે ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ ડી. મુજબ શિક્ષાપાત્ર ગુનો નોંધીને કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરી શકાત કે કરી હોત- તથા કરી શકે છે. પીજીવીસીએલ કચેરી અને તેમના લીગલ એડવોકેટ કાયદાના દાયરામાં રહીને અભિપ્રાય આપી શકે છે- નહી કે કાયદાની વિરુધ્ધ માં જઈને. આ સર્વ હકીકતને ધ્યાનમાં લેતા તથા ભારતીય અધિનિયમ- ફોજદારી અધિનિયમ અને વીજળી અધિનિયમ ને ધ્યાનમાં લેતા જે

કઈ પીજીવીસીએલ કંપનીએ વીજજોડાણ ન આપવાના કારણો આપેલા છે. તે કારણો કાયદાકીય રીતે અને કાયદાને સુસંગત નથી જેથી ઈલેક્ટ્રીસીટી ના નિયમો અને કાયદાની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવા CGRF સમક્ષ અનુરોધ કરેલ છે.

<u>અરજદારની તા. ૨૪-૧૨-૨૦૧૯ ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વિશેષ લેખીત રજૂઆત નીચે પ્રમાણે છે.</u>

૨.૧૦ તેઓની લીઝવાળી જગ્યા પર 52 એચ.પી. ના નવા ઔદ્યોગીક વીજજોડાણ ની માંગણી કરેલ છે. તેના માટે પીજીવીસીએલ કચેરી સાથે પત્રવ્યવહાર કરવામાં આવેલ છે. સદર બાબતે CGRF રાજકોટ મા તા.૦૨/૧૧/૨૦૧૯ ના રોજ એપલેટ ટ્રિબ્યુનલ અધ્યક્ષશ્રી મા અપીલ દાખલ કરેલ છે. તે અગાઉ તા.૧૯/૧૦/૨૦૧૯ ના રોજ પીજીવીસીએલ- પેટાવિભાગ કચેરી-બગવદર મા કાગળ લખેલ તેમનો પ્રત્યુતર અમને તા.૦૪/૧૧/૨૦૧૯ ના રોજ મળેલ છે. તેમાં આપેલ બાબતો પાયાવિહીન છે અને કાયદેસરની નથી. જે મુદ્દાઓનો પ્રત્યુતર આપવામાં આવેલો છે. તે મારી અરજીને કે વીજજોડાણને લગતા નિયમો ની વિરુધ્ધમા છે. જેનું મુદ્દાસર વર્ણન નીચે મુજબ રજુ કરેલ છે.

(૧) પત્રમાં આપેલ મુદ્દા નંબર ૧ મા કહેલું કે આપના માંગણીવાળા સ્થળ પર અગાઉ પુનીત એન્ટરપ્રાઈઝ ના નામનું 52 એચ.પી. નું વીજજોડાણ ગ્રાહક નંબર ૩૫૭૨૯/૦૧૦૩/૩ ધરાવતા હતા. પરંતુ પુનીત એન્ટરપ્રાઈઝ પર જે વીજજોડાણ છે. તે મારા એટલે કે કેતનભાઈ જીવાભાઈ કારાવદરા ના નામનું છે નહી. તે મે અગાઉ પણ પીજીવીસીએલ કચેરીને કહેલું હતું. અને હજુ પણ કહું છું. જે પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા કારાવદરાના નામનું છે. તે પીજીવીસીએલ કચેરી પણ જાણે છે. તેમ છતાં મને તેમાં ગ્રાહક તરીકે જોડવો તે ભૂલભરેલું નહી. પરંતુ જાણી જોઈને કરવામાં આવેલ હોય તેવું લાગે છે. જે ગ્રાહક નંબર ૩૫૭૨૯/૦૧૦૩/૩ ની પીજીવીસીએલ કચેરી દ્વારા વાત થાય છે-તેના પર હાલમા નામદાર કોર્ટમાં સિવિલ દાવો ચાલે છે- અને ભારતીય વીજધારા અધિનિયમન ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ જે ગુનો નોંધાયેલો હતો તેનો કેસ પણ ચાલી ગયેલ છે. તેમાં જેનું નામ જોડવામાં આવેલું હતું તેઓને પણ નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરેલ છે. જે પીજીવીસીએલ કચેરીને પણ ખબર છે - તેમની સાથે કોઈ લેવા-દેવા છે નહી. અરજદારના નામનું કોઈ વીજજોડાણ પણ નથી. તો ગ્રાહક હોવું કેવી રીતે શક્ય છે આપ સાહેબને નમ્ર અનુરોધ છે કે ઉપરોક્ત ગ્રાહક નંબર ૩૫૭૨૯/૦૧૦૩/૩ સાથે મને શા માટે જોડવામાં આવે છે અને જોડવાથી કોઈ ગ્રાહક બની જતું નથી. તેના માટે પીજીવીસીએલ ના નિયમો અને કાયદા અનુસાર પુરાવાઓ આપવા પડે છે.

(૨) મુદ્દા નંબર ૧ મા ફરીથી પીજીવીસીએલ એ એક જ વિષય-વસ્તુ ઉપર ભાર મુકવામાં આવ્યો છે કે ચેકીંગ સમયે હું હાજર હતો. તથા કચેરીના રેકર્ડ મુજબ રોજકામ વખતે તમામ વહીવટ મા એટલે કે મીટર બદલવાના પરફોર્માં મા લેબોરેટરી ની હાજરી મા વીજબીલ ની રકમ ભરવાની વગેરે કામગીરી મારા દ્વારા કરવામાં આવી છે. એવું પીજીવીસીએલ એ જણાવ્યું છે. પરંતુ જો કોઈ રોજકામમા- મીટર બદલતી વખતે સહી કરે તથા વીજબીલ ભરવાથી કોઈ ગુનો બનતો નથી. કે ગુનેગાર ગણી શકાય નહી. જો મીટર ચેકીંગ લેબોરેટરીમાં હાજર રહેવા માટે ગ્રાહક દ્વારા અધિકારપત્ર આપવામાં આવતો હોય છે તથા પીજીવીસીએલ દ્વારા તે માંગવામાં આવતો હોય છે. આ સિવાય કોઈ અનધિકૃત વ્યક્તિ મીટર ચેકીંગ વખતે હાજર રહી શકે નહી આવો નિયમ હોવા છતાં પીજીવીસીએલ કંપની દ્વારા કોઈપણ પુરાવા વગર આવું કહેવું ખરેખર કાયદાના દુરૂપયોગ સમાન છે. દરેક ધંધાકીય બાબતમાં કે દરેક વહીવટમાં કર્મચારી અથવા એકાઉન્ટન્ટ અને અન્ય વ્યક્તિ આવા વહીવટ કરતા હોય છે. તો શું પીજીવીસીએલ કચેરી તેઓને પણ ગુનેગાર ગણે છે- તે એક પ્રશ્ન છે. પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા ને ત્યાં વીજચોરી થયેલ તેવો ગુનો દાખલ કરેલ ત્યારે જો હું તેમાં હાજર હોય તો શા માટે મને ફોજદારી ગુનામાં ભારતીય વીજધારા અધિનિયમન ૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ સામેલ ન કર્યો - હવે જયારે

કહેવાતી વીજચોરી મા રાણા જેઠા ને પણ નામદાર કોર્ટ એ નિર્દોષ છે- તેવો હુકમ કરેલ છે. જેના પરથી ફલિત કે સાબિત થાય છે- કે તે સ્થળ ઉપર કોઈ વીજચોરી જ નથી થઈ. આમ છતાં મને કહેવાતી ચોરીમાં શા માટે જોડવામાં આવે છે અને આ ખોટા મુદ્દા ઉભા કરીને મને શા માટે વીજજોડાણ થી વંચિત રાખવામાં આવે છે.

(૩) પીજીવીસીએલ દ્વારા મુદ્દા નંબર ૨ મા ઔદ્યોગીક એકમ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ નું સર્ટીફીકેટ નામ ફેર કરાવેલ પરંતુ પીજીવીસીએલનું વીજજોડાણ નામ ફેર કરાવેલ નથી. પીજીવીસીએલ કચેરીને કેટલી વખત નમ્ર અરજ કરેલ છે- કે પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠાની વીજજોડાણવાળી જગ્યા અને મારી માંગણીવાળી જગ્યા અલગ-અલગ છે. તેના સાધનિક કાગળોના પુરાવાઓ પણ આપેલ છે. હું કોઈ રાણા જેઠા ની સીધી લીટીનો વારસદાર કે તેમના ધંધામાં પાર્ટનર નથી. પીજીવીસીએલ કચેરી એકબાજુ એમ કહે છે કે તે જગ્યા પર મને કાયદાકીય રીતે વીજજોડાણ ન મળી શકે અને બીજી બાજુ પીજીવીસીએલ કચેરી નામફેર ની વાત કરે છે. તે મને અજુગતું લાગે છે. કાં તો પીજીવીસીએલ કચેરી અજ્ઞાનતા મા હોય અને કાં તો તે મને વીજજોડાણ આપવા માંગતા નથી. તે પણ કોઈ મે પીજીવીસીએલ કંપનીના કાયદાનો ભંગ કરેલ નથી. તેમ છતાં આમ દરેક વખતે તેવું જ દર્શાવવામા આવે છે.

જે પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા નું ઔદ્યોગીક એકમ હતું તેમનું નામફેર અરજદારે કરાવેલ નથી કે જમીન લીધેલ નથી. પરંતુ- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું GPCB સર્ટીફીકેટ ટ્રાન્સફર કરાવેલ છે તે કંપની માંથી કરાવેલ નથી. જેનાથી મે કોઈ ગુનો કર્યો છે એમ સાબિત થતું નથી. તેનાથી પીજીવીસીએલ કંપનીના કાયદાની જોગવાઈ મુજબ ગુનો બનતો નથી. GPCB સર્ટીફીકેટ ટ્રાન્સફર થઈ શકે પરંતુ વિવાદવાળી જગ્યા ટ્રાન્સફર થઈ શકે નહી કે ત્યાં વીજજોડાણ મળી શકે નહી. જે સાબિત કરે છે કે મારી જગ્યાને વીજચોરીવાળી વિવાદિત જગ્યા અલગ-અલગ છે. વિવાદિત જમીન પર મને કોઈ લેવા-દેવા નથી.

(૪). પત્રમાં મુદ્દા નંબર ૨ મા જણાવેલ કે કેતનભાઈ જીવાભાઈ કારાવદરા પીજીવીસીએલ કંપનીના ગ્રાહક છે. પુનીત એન્ટરપ્રાઈઝ થી વીજજોડાણ ધરાવતા હતા. પુનીત એન્ટરપ્રાઈઝ ના પ્રોપરાઈટર હતા. જેના પુરાવારૂપે આપે GPCB નું સર્ટીફીકેટ આપેલ છે. આ સર્ટીફીકેટથી કોઈની કંપની કે ભાગીદારી પેઢીનો પ્રોપરાઈટર છે કે નહી તે કહી શકાય નહી. Environment (Protection) Act 1986- Water and Act 1981- Hazardous Waste Rules 1989 મુજબ GPCB સર્ટીફીકેટ ફક્ત અને ફક્ત પાણી અને હવાના પોલ્યુશન અને ઘન કચરો કે જે પર્યાવરણને નુકસાનકર્તા છે- એમના માટેનું હોય છે. ખરેખર જો પીજીવીસીએલ કચેરી કાયદા અને નિયમના દાયરા મા રહીને કામ કરવા ઇચ્છતા હોય કે જણાવવા માંગતા હોય તો તેમને ગ્રાહક નંબર- વીજબીલ કે પીજીવીસીએલ કંપની સાથે જયારે ગ્રાહક થયો ત્યારનું એગ્રીમેન્ટ આપવું જોઈએ. તો અને તો જ પુરવાર થાય કે પીજીવીસીએલનો ગ્રાહક છું.

(૫). મુદ્દા નંબર ૪ મા અરજદાર- કેતનભાઈ જીવાભાઈ કારાવદરા એ પીજીવીસીએલ ના ગ્રાહક તરીકે પુનીત એન્ટરપ્રાઈઝ મા સામેલ કરેલ છે. આજ વીજ જોડાણમા મારી વિરુધ્ધ ભારતીય વીજધારા અધિનિયમન ૨૦03 ની કલમ ૧૩૫ હેઠળ ચોરીનો ગુનો નોંધાયેલ છે. તેવું કહેલું છે. તેના માટે મારે કહેવાનું કે પીજીવીસીએલ કચેરી દલા તરવાડી જેવું જ કામ કરી રહી છે. આમ પીજીવીસીએલ કચેરી જ પ્રશ્ન પૂછે છે અને પીજીવીસીએલ કચેરી જ જવાબ આપે તેવું થઈ રહ્યું છે. જો હું પુનીત એન્ટરપ્રાઈઝ નો પ્રોપરાઈટર હોય તો જે વખતે વીજચોરીનો તેનો મતલબ એવો કે પીજીવીસીએલ કચેરી અનુસાર હું ગુનેગાર છું- અને રાણા જેઠા નિર્દોષ. આમ પણ રાણા જેઠા ને નામદાર કોર્ટે નિર્દોષ સાબિત કરતો હુકમ કરેલ છે. તેમ છતાં હજુ આપ એ નક્કી નથી કરી શક્યા કે ગુનેગાર કોણ છે આમ પીજીવીસીએલ કચેરી એ પણ માને છે- કે મારી લીઝવાળી જગ્યા સર્વે નંબર ૪૫૨/3/૨/૨ મા આવેલ છે. તથા પુનીત એન્ટરપ્રાઈઝ નું વીજજોડાણ સર્વે નંબર ૪૫૨/પૈકી પર હતું. આ

હકીકતને પીજીવીસીએલ કચેરીને ખબર હોવા છતાં પણ ધ્યાને લેતા નથી. મારી પર ભારતીય વીજધારા ૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ વીજચોરીનો ગુનો નોંધાયેલ છે. તેવું પીજીવીસીએલ કહે છે. તો જો મારી ઉપર ગુનો નોંધાયેલ હોય તો મને ગુના રજીસ્ટર નંબર સાથે પોલીસ ની એફ.આર.આઈ. ની નકલ- ચાર્જશીટ તથા કઈ કોર્ટમા મારો કેસ ચાલે છે. તે આપવા કે રજુ કરવા આપ સાહેબ પીજીવીસીએલ કચેરીને પૂછી શકો તો મને પણ ખ્યાલ આવે કે મારી ઉપર ગુનો નોંધાયેલ છે. આ ઉપરથી એવું જણાય છે કે પીજીવીસીએલ કચેરી મારા ઉપર સરમુખત્યારશાહ જેવું વર્તન અને કાર્ય કરી રહી હોય તેવું સાબિત તથા ફલિત થાય છે.

(૬) પીજીવીસીએલ કચેરી એવું તો માને છે- કે લીઝ સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ જે કલેક્ટર શ્રી પોરબંદર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જે મારી લીઝવાળી જગ્યા છે. તથા ભૂસ્તરશાસ્ત્રીશ્રી પોરબંદર દ્વારા પણ ખરાઈ કરેલ છે. હવે બાકી વાત રહી સર્વે નંબર ૪૫૨ પૈકી વાળી જમીનનું બીજા ઔદ્યોગીક હેતુ માટે કલેક્ટર શ્રી દ્વારા જમીન ફાળવેલ છે. જેમાં અગાઉના કાગળમાં જણાવેલ તે મુજબ જુદી-જુદી વ્યક્તિઓને ફાળવેલ છે. સર્વે નંબર ૪૫૨ પૈકી અડવાણા ગામતળ ની જમીન છે. તેમાં જુદા-જુદા હેતુ માટે જમીન ફાળવવામા આવેલ છે જે મારી જમીન છે- તેમાં અત્યારસુધી વીજજોડાણ હતું નહી અને અત્યારે પણ નથી. તે પીજીવીસીએલ કચેરીને પણ ખબર છે. આમ છતાં તે વીજજોડાણ આપવાની ના પાડે છે.

(૭). લીઝ માટેની અરજી તા.૧૯/૧૨/૨૦૦૫ ના રોજ કરેલ અને મારી લીઝ મંજુર તા.૦૬/૦૨/૨૦૦૬ ના રોજ થયેલ. તેથી વર્ષ ૨૦૦૬ થી હું લીઝ ધરાવું છું. તે દરમિયાન પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા નું વીજકનકેશન હતું અને તેઓ પીજીવીસીએલના ગ્રાહક હતા. સદર લીઝ મંજુર થઈ ત્યારે જો પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠા પીજીવીસીએલ કંપનીના ગ્રાહક હોય તો હું પીજીવીસીએલ કંપની નો ગ્રાહક કઈ રીતે હોઈ શકું- રાણા જેઠા એ ક્યારે વીજજોડાણ લીધેલું અને ક્યાં હેતુ માટે લીધેલું તે પીજીવીસીએલ કચેરીને ખ્યાલ હશે. પરંતુ મારી લીઝ મંજુર થઈ ત્યારે રાણા જેઠા પીજીવીસીએલ કંપનીના ગ્રાહક હતા તો હું કેતનભાઈ જીવાભાઈ કારાવદરા તથા મારા સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ કેવી રીતે વીજચોરી ના વિવાદવાળી જગ્યા હોઈ શકે. શા માટે બિનજરૂરી રીતે જોડવામાં આવે છે.

(૮). ઈન્ડીયન પાર્ટનરશીપ એક્ટ ૧૯૩૨ પ્રમાણે કોઈપણ વ્યક્તિ ભાગીદારી ધંધો કરી શકે છે અને કોઈપણ નામ રાખી શકે છે. પરંતુ તે કંપની એક્ટ ૨૦૦૩ ની જોગવાઈ મુજબ કંપની રજીસ્ટર થયેલ ન હોવી જોઈએ. તે મુજબ મેસર્સ પુનીત એન્ટરપ્રાઈઝ ની ભાગીદારી પેઢીનું ભાગીદારી દસ્તાવેજ ખત મારા અને બીજા એક વ્યક્તિએ કરેલ તેમાં હું કેતનભાઈ જીવાભાઈ કારાવદરા ગામ અડવાણા- શ્રી વ્યાસ પુનીત કાન્તીભાઈ ગામ અડવાણા તા/જી. પોરબંદર એ કરેલ જેમનો હેતુ ભાગીદારી મા ધંધો કરવાનો હતો. મેસર્સ પુનીત એન્ટરપ્રાઈઝ પેઢીનું અસ્તિત્વ તા.૩૦/૧૧/૨૦૦૯ થી આવેલું. જેનો હેતુ રોડ કન્સ્ટ્રક્શન- મેટલ સપ્લાય ફોર બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન- કાળા પથ્થર સપ્લાય- ક્રશર સ્ટોન મેટલ કરવાનો હતો. તે પેઢીનું વિસર્જન કરવાનું કારણ અન્ય કામકાજમાં રોકાયેલા હોવાથી અને બીજા ઉભા થતા કારણોને લીધે તા.૧૮/૧૧/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં મારા ભાગીદાર પોતાનો હિસ્સો લઈને નીકળી ગયેલ જેથી મે GPCB સર્ટીફીકેટ મારા નામે ટ્રાન્સફર કરેલ હતું. તેમાં મારે અને પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણાભાઈ જેઠાભાઈ ને કઈ લાગતું-વળગતું નથી કે લેવા-દેવા નથી. આમ બધી વિષય-વસ્તુ નું સમાધાન હોવા છતાં મને ખોટી રીતે હેરાન કરવામાં આવે છે. આ બાબતના દસ્તાવેજી પુરાવાઓ જો આપ સાહેબને જોઈતા હોય તો હું આપવા સહમત છું. તથા પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણાભાઈ જેઠાભાઈ ના દસ્તાવેજી પુરાવાઓ આપ પીજીવીસીએલ કંપની પાસેથી માંગી શકો છો. આમ ભાગીદારી પેઢીના નામના સરખાપણા નો દુરુપયોગ કરી અમોને ખોટી રીતે વીજજોડાણથી વંચિત રાખવાના હેતુ સિવાય બીજુ કઈ લાગતું નથી. આમ પીજીવીસીએલ કંપની દ્વારા વીજકનેક્શન આપવાનો ઇનકાર કરતાં મેં આપ સાહેબ (સીજીઆરએફ) સમક્ષ ફરિયાદ દાખલ કરતાં અમોને કનેક્શન ના મળે તથા

કનેક્શન આપવું ના પડે તે હેતુથી ખોટા પુરાવાઓ ઉભા કરવા માટે પક્ષકાર તરીકે જોડવા માટેની અરજી નામદાર કોર્ટમાં કરેલ છે. આ દાવા ની વિષય-વસ્તુ બાબતે અમારે કઈ જ લેવાદેવા નથી પરંતુ ખોટી રીતે સંડોવીને અમારી વિરુધ્ધ ખોટા પુરાવાઓ કરવા માટે આ અરજી પીજીવીસીએલ કચેરી તથા લીગલ પેનલ એડવોકેટ દ્વારા કરવામાં આવેલ છે. જે પાયાવિહીન- કાયદાની વિરુધ્ધ અને વ્યક્તિગત ફાયદો ઉઠાવવા તથા દુરુપયોગ કરવા માટે કરેલ છે.

(૯). અરજદાર કેતનભાઈ જીવાભાઈ કારાવદરા ને પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણાભાઈ જેઠાભાઈ સાથે તથા વીજચોરી ની વિવાદિત જગ્યા સાથે કોઈ નિસ્બત નથી. હું રાણા જેઠાનો સીધી લીટીનો વારસદાર પણ નથી. તો પણ મને આ રીતે ખોટી રીતે જે મન ફાવે તે રીતે જવાબ આપીને હેરાન કરવામાં આવે છે. જેની ખરાઈ માટે મે શ્રી અડવાણા ગ્રામ પંચાયત- તલાટી-કમ-મંત્રી નો દાખલો આપેલ છે. સર્વે નંબર ૪૫૨ પૈકી મા કલેક્ટર શ્રી એ ફાળવેલ કેતન જીવાભાઈ કારાવદરા ને સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ તથા અન્યો ને પણ તેમાંથી જગ્યા ફાળવેલ છે. જેની ખરાઈ માટે દાખલો આપેલ છે. જે પણ આ અરજી સાથે સામેલ છે. અગાઉ પણ આની ખરાઈ માટે સાધનિક કાગળો પુરા પાડેલ છે.

(૧૦). વધુમાં જણાવવાનું કે જયારે પીજીવીસીએલ કચેરી સાથે પત્રવ્યવહાર કરેલ તેમનો સંતોષકારક જવાબ ન મળતા CGRF મા અરજી તા. ૦૨/૧૧/૨૦૧૯ ના રોજ કરેલ. પરંતુ હજુ પણ પીજીવીસીએલ કચેરીને કઈ કરવાનું બાકી રહી જતું હોય તેમ અમોને એડી. સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટ માં પોરબંદર ખાતે ચાલી રહેલા રાણા જેઠા અને તેમના ભાગીદારી પેઢીના ભાગીદારો ના દાવામા મારૂ નામ સુચિત પક્ષકાર તરીકે જોડવા માટે અરજી કરેલ છે. જે મને તા. ૦૮/૧૧/૨૦૧૯ ના રોજ મળેલ છે. આ દાવો તા.૩૦/૦૪/૨૦૧૫ ના રોજ દાખલ થયેલ અને અત્યારે નામદાર કોર્ટમાં તેમની કાર્યવાહી ચાલુ છે. આ સમયગાળો લગભગ ૪ વર્ષ અને ૯ મહિના જેવો થાય છે. આટલા લાંબા સમય પછી પીજીવીસીએલ કંપની ઘણી જાગૃત કે સજાગ થઈ હોય એવું લાગે છે તે પણ કોઈ દસ્તાવેજી પુરાવા કે આધાર વગર.

(૧૧). પોરબંદર ના નામદાર સ્પેશિયલ જજ (ઈલે.) અને એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન જજ સાહેબની અદાલતમાં રાણાભાઈ જેઠાભાઈ કારાવદરા વિરુધ્ધ જે કહેવાતી વીજચોરીનો ગુનો નોંધાયેલ છે. તે સ્પેશિયલ કેસ નંબર ૧૭૧/૧૪ (ઈલે.) થી નોંધાયેલ હતો. તેનો ફેંસલો તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ હુકમ કરેલ જેમાં ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ની કલમ ૧૩૫ મુજબ નોંધાયેલો હતો જેમાં રાણા જેઠા ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૪ એ. મુજબ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. જે સાબિત કરે છે કે તે જગ્યાએ વીજચોરી થઈ નથી તથા પુરાવા મુજબ બનાવવાળી જગ્યાએ ચેકીંગ સમયે આરોપીના પ્રતિનિધિ કેતન જીવા કારાવદરા એટલે કે અરજદાર હાજર હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદાર કેતન જીવા કારાવદરા આરોપી જેને ઠરાવવામાં આવેલ એટલે કે પુનીત એન્ટરપ્રાઈઝ ના પ્રતિનિધિ હતા તેવી કોઈ હકીકત સાબિત થતી નથી તેવું નામદાર જજે કોર્ટમાં જણાવેલ છે તો અત્યારે મને આરોપી તરીકે કે સુચિત પક્ષકાર તરીકે જોડવાનું પીજીવીસીએલ કચેરીને કેમ યોગ્ય લાગ્યું એ સમજાતું નથી. ફક્ત અને ફક્ત મને વીજજોડાણથી વંચિત રાખવા માટેની તેમની મેલી મુરાદ છે. તે સિવાય બીજો કોઈ હેતુ હોઈ શકે નહી.

(૧૨). ઉપરોક્ત હકીકતો અને સાધનિક દસ્તાવેજી પુરાવાઓ ને ધ્યાનમાં લેતા તથા અગાઉ CGRF મા દાખલ કરેલ અપીલ અરજીના મુદ્દાઓ ને ધ્યાનમાં લેતા

૨.૧૧ હું પીજીવીસીએલ કંપનીનો ગ્રાહક નથી તો પણ મને કેમ જોડવામાં આવે છે.

૨.૧૨ હું પીજીવીસીએલ કંપનીનો ગુનેગાર નથી કે મે વીજચોરી કરી નથી તો પણ મને ગુનેગાર કેમ ગણવામાં

આવે છે.

૨.૧૩ મારી માંગણીવાળી જગ્યા સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ જે વિવાદિત વીજચોરીવાળી જગ્યાથી (સર્વે નંબર ૪૫૨/૩/૨/૧) અલગ છે. તે બેઉનું કઈપણ કાયદાકીય કે ધંધાકીય રીતે લાગતું-વળગતું નથી. તેમ છતાં બેઉ જગ્યાને એક જ ગણવામાં આવે છે.

૨.૧૪ હું પુનીત એન્ટરપ્રાઈઝ c/o. રાણા જેઠાનો સીધી લીટીનો વારસદાર નથી.

૨.૧૫ મારી ભાગીદારી પેઢી જે હતી તેને કોઈપણ બીજી ભાગીદારી પેઢી સાથે લાગતું-વળગતું નથી. તથા નામના સરખાપણા નો દુરુપયોગ કરીને અમોને વીજજોડાણથી વંચિત રાખવામાં કેમ આવે છે. જે કાયદકીય રીતે તથા નિયમોની વિરુધ્ધમાં છે. ને તે ગ્રાહક માટે અન્યાયકર્તા કહેવાય.

આમ ઉપરોક્ત હકીકતો અને પુરાવાઓને ધ્યાનમા લેતા સ્પષ્ટપણે સાબિત કે ફલિત થાય છે કે જે જગ્યા સર્વે નંબર ૪૫૨/૩/૨/૨ પર નવા ઔદ્યોગીક વીજજોડાણ માટેની અરજીમા સપ્લાય કોડ ૨૦૧૫ પારા નંબર ૪.૩૦ લાગુ કરી શકાય નહી. અને પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ થી વંચિત રાખી શકાય નહિ. આ બાબત માટે કાયદાકીય અને નિયમો અનુસાર ઘટતું કરવા વિનંતી છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે-પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે - **શ્રી કેતન જીવા કારાવદરા ગામ અડવાણા એ નવા ઓધૌગીક વિજ જોડાણની માંગણી અરજીનાં અનુસંધાને વિગત નીચે મુજબ છે.**

3.૧ **૧. શ્રી કેતન જીવા કારાવદરા ગામ અડવાણા ખાતે નવા વિજ જોડાણ માટે અરજી કરેલ છે જે અંગે સર્વે નં. ૪૫૨ પૈકી ૫૨ હે.૨.૦૦.૦૦ બ્લેક ટ્રેપ ખનીજની ક્વોરી લીઝ જે પોરબંદરના તા ૦૬.૨.૨૦૦૬ ના હુકમથી મંજુર થયેલ છે. જેનું લીઝ ડીડ તા ૦૯.૫.૨૦૦૬ ના રોજ ૧૦ વર્ષ માટે થયેલ છે.**

**૨. આ જે વિજ જોડાણની માંગણી કરેલ છે તે જગ્યા અને તેમનું જ વિજ જોડાણ પુનિત એન્ટરપાઇઝના નામનું ગ્રાહક નં ૩૫૭૨૯/૦૧૦૧૩/૩ થી ૨૩.૫.૨૦૦૦ થી વિજ જોડાણ આવેલ હતું.**

**૩. તેમજ સ્પે.દિ.મું નંબર ૫૬/૨૦૧૫થી પુનિત એન્ટરપાઇઝની સામે દાવો ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ઠરાવના આધારે સીનીયર સિવિલ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવતા હાલ દાવો ફોર્થ એડી.સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં૫૮/૨૦૧૯થી રજીસ્ટર થયેલ છે. અને જે પુરાવાના સ્ટેજ છે .અને હાલમાં પુરાવામાં નવા વિજ જોડાણની અરજી કરનાર જે પુનિત એન્ટરપાઇઝ છે તેજ પ્રોપરાઇટર કેતન જીવા કારાવદરાનું નામ આ કેસમાં દાખલ કરવામાં આવેલ છે.**

**<u>પુનિત એન્ટરપાઇઝની વિગત નીચે મુજબ છે.</u>**

**૪. પુનિત એન્ટરપાઇઝને તા ૨૩.૫.૨૦૦૦ ના રોજ વિજ જોડાણ આપવામાં આવેલ છે જેમા દસ્તાવેજમાં તા ૯.૨.૨૦૦૦ ના રોજ ૫૦૦રૂ.ના સ્ટેમ્પ પેપર પર ભાગીદારી દસ્તાવેજ જોડેલ છે જેમા પુનિત એન્ટરપાઇઝની ભાગીદારી પેઢી ચલાવવા રાણાભાઇ જેઠાભાઇ કારાવદરાને જનરલ પાવર ઓફ એટર્ની તા ૪.૨.૨૦૦૦ના રોજ રૂ. ૧૦૦ સ્ટેમ્પ પેપર આપેલ છે.જેમાં પાવર ઓફ એટર્ની ૧. ભુરા કેશવ કારાવદરા ૨. રસીલાબેન નરબદ ઓડેદરા દર્શાવેલ છે. પુનિત એન્ટરપાઇઝના નામનું વિજ જોડાણ સ્ટોન ક્રસર માટે ૪૫૨પૈકી લીઝ પર આપેલ છે.**

૫. આ જગ્યા ૪૫૨/પૈકી ૫૨ તા ૧૭.૬.૨૦૧૪ના રોજ સમય ૧૯.૧૫ કલાકે બગવદર પેટા વિભાગીય કચેરીના ના.ઇ અને જુ.ઇની ટીમ દ્વારા પુનિત એન્ટરપાઇઝ વિજ ચેકીંગ કરતા પુનિત એન્ટરપાઇઝ ગ્રાહક નં ૩૫૭૨૯/૦૧૦૧૩/૩ ૩૯ કી.વોનું સ્થળ પર હાજર વ્યક્તિ કેતન જીવા કારાવદરાની હાજરીમાં ચેકીંગ કરતા મીટર બાયપાસ કરીને બિન અધિકુત રીતે ૬૩એચ.પી +૭૦૦ વોટ વાપરતા સ્થળ રોજકામ અને ચેકીંગ શીટ નં એલટી.પીબીઆર (XII) ૦૦૧૬૨૫ ચેકીંગ શીટ ભરેલ છે જે હાજર પ્રતિનીધીએ કોઇ વસ્તુ કબજે લેવા દીધેલ નથી અને તા ૧૮.૬.૨૦૧૪ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે હાજર પ્રતિનીધી શ્રી કેતન જીવા કારાવદરાની હાજરીમાં મીટર ઉતારેલ અને શ્રી કેતન જીવા કારાવદરાએ સહી કરેલ નથી. તા ૧૮.૬.૨૦૧૪ના રોજ બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા બીએસડી/એચઆર/૯૮૮ તા ૧૮.૬.૨૦૧૪થી વિજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ રકમ રૂં ૨૨૭૧૮૦૧.૯૧ અને કમ્પાઉન્ડીગ ચાર્જ ૫૧૨૦૦૦ રકમ રૂ.નું બિલ પુનિત એન્ટરપાઇઝને આપેલ છે.

૬. આ જગ્યા ૪૫૨પૈકી પુનિત એન્ટરપાઇઝને તા ૧૭.૬.૨૦૧૪ ના રોજ રકમ રૂ. ૨૨૭૧૮૦૧.૯૧ થેફ્ટ બિલ અને કમ્પાઉન્ડીગ ચાર્જ ૫૧૨૦૦૦.૦૦ નું બિલ આઉટ વર્ડ નં બીએસડી/૯૮૮ તા ૧૮.૬.૧૪ ના રોજ આપેલ છે. અને તા ૧૮.૬.૨૦૧૪ના રોજ પુનિત એન્ટરપાઇઝનું વિજ જોડાણ પી.ડી.સી કરવામાં આવેલ છે.તા ૨૦.૬.૨૦૧૪ના રોજ ગુન્હા રજી.નંબર ૩૩૭૪/૨૦૧૪થી રજીસ્ટર થયેલ છે જેના પુનિત એન્ટરપ્રાઇઝના નામનું તે સ્પેશિયલ કોર્ટ-પોરબંદરને ટ્રાન્સફર કરવામાં આવતા- સ્પે.ઇલે.કે.નં ૧૭૧/૨૦૧૪થી રજીસ્ટરે લેવામાં આવેલ જે ચાલી જતા સ્પેશિયલ જજ (ઇલેકટ્રીસીટી) અને એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ- પોરબંદર દ્વારા તા. ૧૦.૭.૨૦૧૯ના ઠરાવ આપીને આરોપી (રાણા જેઠા)ને ઇન્ડિયન ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ ૧૩૫ શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવામાં આવેલ છે અને આ અપીલ અંગે પીજીવીસીએલ/એલસી/૪૪/૧૪/૫૮૩૫ તા ૪.૯.૨૦૧૯ પત્રાથી કરવાપાત્ર કાર્યવાહી અંગે જણાવેલ છે.

૭. પોરબંદર નામદાર કોર્ટમાં સ્પે. (ઇલે) દીવાની મું ૫૬/૨૦૧૫ દાવો દાખેલ કરેલ છે .જે પુરાવા સ્ટેજ પર છે.

૮. શ્રી કેતન જીવા કારાવદરાએ તા ૧૯.૯.૨૦૧૪ના રોજ બગવદર પેટા વિભાગીય કચેરીમાં ૪૫૨પૈકી ૫૨ અડવાણા ગામે નવા વિજ જોડાણની ની માંગણી કરેલ હતી .જેમાં બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્રનં બીએસડી/એચ આર/૨૯૪૫ તા ૧૩.૧૦.૨૦૧૪ના રોજ જણાવેલ કે નવા વિજ જોડાણ માગેલ જગ્યા પર વિજ ચોરી રકમ રૂં ૨૭૮૩૮૦૧.૯૧ (કમ્પાઉન્ડીગ સહીત) બાકી છે. જેથી વિજકનેકશન મળી શકે નહી .

૯. શ્રી કેતન જીવા કારાવદરા દ્વારા નવા વિજ જોડાણ બાબતે મનાઇ હુકમ મેળવવા પોરબંદર નામદાર કોર્ટમાં રે.દી.મું નં ૨૫૩/૨૦૧૪ દાખલ કરેલ જે નામદાર કોર્ટ દ્વારા આ બાબતે મનાઇ હુકમ મેળવવાની અરજી રદ કરેલ તે દાવો નામદાર કોર્ટમાં સબ. જીયુડીશ. રહેલ હતો તે તારીખ ૨૦.૬.૨૦૧૯ના રોજ નામદાર કોર્ટ દ્વારા ડીશમીસ ફોર ડીફોલ્ટ કરી ડીસપોઝ કરેલ છે.

૧૦.શ્રી કેતન જીવા કારાવદરા દ્વારા તા ૭.૧.૨૦૧૯ના રોજ ફરીથી વિજ જોડાણની અરજી બગવદર પેટા વિભાગીય કચેરીમાં કરેલ છે.

૧૧. નવા વિજ જોડાણની અરજી અંગે બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા પીજીવીસીએલના પેનલ એડવોકેટશ્રીનો લીગલ અભિપ્રાય પત્ર નં બીએસડી/બિલિંગ/૭૨૩ તા ૨૪.૧.૨૦૧૯ના રોજ માગેલ જે પેનલ એડવોકેટશ્રી દ્વારા તા ૨૫.૧.૨૦૧૯ના રોજ સ્પષ્ટ લીગલ ઓપીનયનમાં જણાવેલ કે કેતન જીવા કારાવદરા દ્વારા હાલની નવું વિજ કનેકશન મળવાની માંગણી કરતી અરજી બાબતમાં નામ. કોર્ટમાં કાનુની કાર્યવાહી કરવામાં આવેલ હોય અને તે બાબત નામ. કોર્ટમાં સબ જયુડી. રહેલ હોય અને નામ.કોર્ટ દ્વારા આ જ વિષય વસ્તુ બાબતમાં કેતનભાઇ જીવા કારાવદરાએ આદેશાત્મક મનાઇ હુકમ મળવા માટેની કરેલી અરજી આંક-૫ની રે.દિ.મુનં ૨૫૩/૨૦૧૪ના કામમાં

દાવો સબ જ્યુડીશ હોવા છતા અરજી કરવામાં આવેલ હોય તેથી નામ.કોર્ટ આપેલા હુકમ અન્વયે કાર્યવાહી કરવાની રહેતી હોય- તેથી નવું વિજ જોડાણ આપી શકાય નહી.

૧૨. જેથી બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા નવા વિજ જોડાણ આપી શકાય નહી તે અંગે પત્ર નં બીએસડી/બિલિંગ/૭૫૩ તા ૨૮.૧.૨૦૧૯ના રોજ જણાવેલ જેમા કેતન જીવા કારાવદરાની સહી કરીને પત્ર રીસીવ કરેલ છે.

૧૩. બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા ના.ઇ અને તલાટી મંત્રી દ્વારા સ્થળ રોજકામ લીઝ અંગે કરીને કેતન જીવા કારાવદરાના નવા વિજ જોડાણની અરજી વિભાગીય કચેરી ને ઓડીટ માટે મોકલવામાં આવેલ જે અંગે ફરીથી પેનલ એડવોકેટશ્રી ને લીઝ અને વિજ જોડાણની અરજી અંગે લીગલ ઓપીનયન માટે પીઆરડી/રેવ ૧૭૫૪ તા ૧૯.૮.૨૦૧૯ના રોજ માગેલ જે સંદર્ભ પેનલ એડવોકેટશ્રી સ્પષ્ટ જણાવેલકે પુનિત એન્ટરપાઇઝના પાવર ચોરીના બાકી લેણા ભરપાઇ કર્યા બાદ જ વિજ કનેકશન આપવામાં વાંધા હરકત સરખુ નથી. અને હાલના કિસ્સામાં ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશન રેગ્યુલેશન-૨૦૧૫ના ક્લોઝ ૪.૩૦ ને ધ્યાને લેતા પોરબંદર તાલુકાના અડવાણા ગામે રે.સ નં ૪૫૨ પૈકી વાળી જગ્યામાં પાવર ચોરી થયેલ હોય- તેથી નવા વિજ જોડાણ આપી શકાય નહી.

૧૪. તેમજ નાયબ ઇજનેર અને તલાટી મંત્રીના લીઝ અંગે સ્થળ રોજકામ અંગે ભુસ્તરશાસ્ત્રી -ખાણ ખનીજ શાખા - કલેકટર કચેરી -પોરબંદર ને આ અંગે તેમજ પુનિત એન્ટરપાઇઝ અને કેતન જીવા કારાવદરા લીઝ અંગે પત્ર નં પીઆરડી/રેવ/૧૭૫૫ તા ૧૯.૮.૨૦૧૯ થી માહીતી માગેલ હતી. અને તે બાબતે ભુપો/ક્યુએલ/રીન્યુ/૪૨૮/૩૩૮૩ તા ૨૦.૯.૨૦૧૯ વિજ કનેકશન અંગે ના વાંધા પ્રમાણપત્ર આપેલ પરતું તે સમય દરમિયાન વિજ કનેકશન અને અરજીના દસ્તાવેજ ચેક કરતા પુનિત એન્ટરપાઇઝના જ કેતન જીવા કારાવદરા પ્રોપરાઈટર છે જે અંગે વધુ તપાસ અને દસ્તાવેજ પ્રદુષણ નિયત્રાણ બોર્ડ-અને જીલ્લા ઉધોગ કેન્દ્ર- પોરબંદર અને અરજી કરેલા દસ્તાવેજમાં આપેલ પુનિત એન્ટરપાઇઝ વિજ જોડાણ ૪૫૨ પૈકી છે.

૧૫. વિભાગીય કચેરી દ્વારા કરેલ કાર્યવાહી અર્થે નાયબ ઇજનેરને પત્રાનં પીઆરડી/રેવ/૧૭૫૭ તા ૧૯.૮.૨૦૧૯થી વાકેફ કરેલ અને કેતન જીવા કારાવદરા જે વિજ જોડાણની માંગણી કરેલ છે તે દસ્તાવેજ અને તેમજ પુનિત એન્ટરપાઇઝના કેસ ફાઇલ તદઉપરાત કેતન જીવા દ્વારા જોડેલ દસ્તાવેજ ચકાસતા માલુમ પડેલ કે- કેતન જીવા કારાવદરાએ જે વિજ જોડાણની માંગણી કરેલ છે તે જીપીસીબી સર્ટીમાં સ્પષ્ટ જણાય છેકે પુનિત એન્ટરપાઇઝ પેઢી જ નામફેર કેતન જીવા કારાવદરાના નામે કરેલ છે અને પુનિત એન્ટરપાઇઝના પ્રોપરાઇટર કેતન જીવા કારાવદરા છે. જે આ સાથે સામેલ જીપીસીબી સર્ટીમાં ઉલ્લેખ કરેલ છે.

૧૬. શ્રી કેતન જીવા કારાવદરા નવા વિજ જોડાણની માંગણીમાં જોડેલ દસ્તાવેજ મુજબ જીપીસીબી સર્ટી જોડેલ છે. જે પુનિત એન્ટરપાઇઝનું(જુના નામ) પ્લોટ નં ૪૫૨પૈકી ગામ : અડવાણા જોડેલ છે. **No.GPCB/CCA-PBR-231/ID-29308/231165-19/11/2014** જેમાં સ્પષ્ટ દર્શાવેલ છે. ૧. **The name industrial unit read as M/S ketanbhai jivabhai karavdar (New name) insted of M/s. Punit Enterprise( old name).**

૧૭. આ અંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રાણ બોર્ડ- પોરબંદરને જીપીસીબી સર્ટી જે પુનિત એન્ટરપાઇઝને આપેલ સર્ટી અને કેતન જીવા કારાવદરાને નામફેર કરેલ કાર્યવાહી અર્થે પીઆરડી/એકા/રેવ/લીગલ/૨૧૨૮ તા ૨૧.૧૦.૨૦૧૯ ના રોજ માહિતી માગંવામાં આવેલ જેમા ગુજરાત પ્રદુષણ નિયત્રાણ બોર્ડ- પોરબંદર દ્વારા જીપીસીબી/પીબીઆર/ટી-૬૨/૩૭૦/૧૯ તા ૨૪.૧૦.૨૦૧૯માં પુનિત એન્ટરપાઇઝમાં કેતનભાઇ રજુ કરેલ દસ્તાવેજ નકલ આપેલ છે. જેમા સ્પષ્ટ જણાય છે કે કેતનભાઇ જીવા કારાવદરા પોતાની અરજી પુનિત એન્ટરપાઇઝ માંથી કેતન જીવા કારાવદરા નવુ નામ કરવા તા ૧૫.૭.૨૦૧૫ના રોજ કરેલ છે જેમા કેતનભાઇ જીવાની સહી છે.તેમજ પુનિત એન્ટરપાઇઝનું

લેટર પેઇડ છે જેમા પ્રોપરાઇટર કેતન જીવા છે જેમાં સ્ટેમ્પ અને કેતનભાઇ જીવાભાઇની સહી છે. અને કેતન જીવા કરાવદરાનું રૂ. ૧૦૦ સ્ટેમ્પ પર અંડરટેકીગ છે જેમા સ્પષ્ટ જણાવે છે કે પુનિત એન્ટરપાઇઝ સર્વે નં ૪૫૨પૈકી તેમના પ્રોપરાઇટર છે.તેમજ સાથે સામેલ જિલ્લા ઉધોગ કેન્દ્ર પોરબંદર દ્વારા પુનિત એન્ટરપાઇઝ ગામ :અડવાણા સર્વે નં ૪૫૨ પર ને બ્લેક સ્ટોન માટે **ENTERPRENURS MEMORANDUM FOR SETTING UP MICRO-SMALL OR MEDIUM ENTERPISE ACKNOWLEDGEMENT FOR PART-2** આપેલ છે જે ન **DIS/POR/RM/MSMED/P-II/1409/10/15043 DATE 12.3.2010** થી પુનિત એન્ટરપાઇઝ પ્રોપરાઇટર કેતન જીવા કરાવદરા ને આપેલ છે.

૧૮. તેમજ વધુ તપાસ અર્થે જીલ્લા અધિકારીશ્રી- જિલ્લા ઉધોગ કેન્દ્ર- પોરબંદર ને તા ૨૫.૧૦.૨૦૧૯ના રોજ પુનિત એન્ટરપાઇઝને જે જીલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા જે સર્ટી નં **DIS/POR/RM/MSMED/P-II/1409/10/15043 DATE 12.3.2010** આપવામાં આવેલ છે તેમાં દસ્તાવેજી પુરવાની નકલ માંગતા જિલ્લા ઉધોગ કેન્દ્ર- પોરબંદર દ્વારા પત્ર નં જીઉકે/પોર/૨૯૬૫/૨૦૧૯ તા ૩૦.૧૧.૨૦૧૯ થી ૧ થી ૫૫ પેઇઝ ની નકલ આપેલ છે જેમાં પણ સ્પષ્ટ જણાય છે કે **ENTERPRENURS MEMORANDUM FOR SETTING UP MICRO-SMALL OR MEDIUM ENTERPRISE** માં પ્રોપરાઇટર પુનિત એન્ટરપાઇઝના કેતન જીવા કારાવદરા છે અને તેમની સહી છે જે સ્ટેમ્પ અને સહી લેબ રીપોર્ટમાં અને પ્રફોમાં નં ૧૫ પીબીઆર નં ૦૦૦૦૮૮ તા ૩૦.૯.૨૦૦૬ અને એનેક્ષર-૨ એસઆર નં ૦૦૦૯૩૧ માં ગ્રાહક ની પ્રતિનિધિ શ્રી કેતન જીવા છે અને તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રાણ બોર્ડ- પોરબંદર દ્વારા આપેલ દસ્તાવેજી નકલમાં બન્ને એકજ છે અને તેમજ જીલ્લા ઉધોગ કેન્દ્ર- પોરબંદર દ્વારા પુરા પાડવામાં આવેલ દસ્તાવેજી નકલમાં લીક્ષ માપણી નકશો ૪૫૨ પૈકી પરનો છે તેમજ જોડેલ લાઇટ બિલ ગ્રાહક નં ૩૫૭૨૯/૦૧૦૧૩/૩ પુનિત એન્ટરપાઇઝનું જ છે જે અંગે અન્ય દસ્તાવેજ પરથી સ્પષ્ટ જણાય છેકે પુનિત એન્ટરપાઇઝ અને નવી અરજીથી નવુ વિજ જોડાણ જે કેતન જીવા કારાવદરા નામે માગેલ છે તે એકજ છે અને પુનિત એન્ટરપાઇઝના પ્રોપરાઇટર કેતન જીવા કારાવદરા છે.

૧૯.તેમજ પુનિત એન્ટરપાઇઝની કેસ ફાઇલ તપાસ કરતા માલુમ પડેલ કે પુનિત એન્ટરપાઇઝ ગ્રાહકનં ૩૫૭૨૯/૦૯૦૯૩/૧ કે જેના પર પાવર ચોરીનું લેણું બાકી છે તે વિજ જોડાણનું તા ૩૦.૯.૨૦૦૬ના રોજ મીટર બદલાવામાં આવેલ છે તે પ્રફોમાં નં ૧૫ પીબીઆર આર નં ૦૦૦૦૮૮ ૧૭૭૫ માં ગ્રાહકની સહી કેતન જીવા અને એન્ક્ષચર-૨ તા ૩૦.૯.૨૦૦૬ એસઆર નં ૦૦૦૯૩૧માં ગ્રાહક કેતન જીવા છે તેમજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી સંયુક્ત તપાસણી અહેવાલ નં ૪ તા ૧૬.૪.૨૦૦૮માં ગ્રાહકના પ્રતિનિધિ કેતન જીવા છે. આમ ઉપરોક્ત દરેલ પ્રફોમાં અને જીપીસીબીમાં કેતન જીવા કારાવદરા પુરા પાડવામાં આવેલ દસ્તાવેજ અને કેતન જીવા કારાવદરા દ્વારા માંગવામાં આવેલ નવા વિજ જોડાણમાં જોડેલ દસ્તાવેજ મુજબ કેતન જીવા કારાવદરાની સહી સરખી છે અને પુનિત એન્ટરપાઇઝજ કેતન જીવા કારાવદરા નામે પેઢી છે અને પુનિત એન્ટરપાઇઝના નામનું જ વિજ જોડાણ ગ્રાહકનં ૩૫૭૨૯/૦૯૦૯૩/૧ કેતન જીવા કારાવદરાનું છે અને પ્રોપરાઇટર છે જે સંપુર્ણ દસ્તાવેજ દાવા નં ૫૬/૨૦૧૫ (નવા નં ૫૮/૨૦૧૯)જે પુરાવામાં જોડીને પોરબંદર નામ. પ્રિન્સીપાલ એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં કેતન જીવા કારાવદરાનું નામ ઉમેરેલ છે.

૨૦. પુનિત એન્ટરપાઇઝના નામનું વિજચોરીનું લેણુ લેવા પાત્ર છે જે તે કેતન જીવા કારાવદરા પાસેથી લેવા પાત્ર છે અને કેતન જીવા કારાવદરા જ પુનિત એન્ટરપાઇઝના પ્રોપરાઈટર છે .બગવદર પેટા વિભાગીય કચેરીમાં પુનિત એન્ટરપાઇઝના થયેલ નામ ફેર કે પ્રોપરાઈટરમાં થયેલ ફેરફારની કાર્યવાહી અંગે પુનિત એન્ટરપાઇઝ દ્વારા કાર્યવાહી કરેલ નથી. આ સાથે જોડેલ દસ્તાવેજી પુરા સાથે અને સદર કેસમાં શ્રી કેતન જીવા કારાવદરા ને નવા વિજ જોડાણ આપવાની કાર્યવાહી જયા સુધી પુનિત એન્ટરપાઇઝના વિજ ચોરીના બાકી લેણા ભરપાઇ ન થઇ શકે તેમજ દાવા નં ૫૬/૨૦૧૫ (નવા નં ૫૮/૨૦૧૯) જે પોરબંદર નામ. પ્રિન્સીપાલ એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના નિર્ણય બાકી હોય ત્યા સુધી શક્ય નથી.

:: હુકમ ::

4.0 • CGRF has gone through the facts statistics and relevant papers which are available as per record submitted by complainant and PGVCL. On the basis of both side representations; Forum hereby concludes as under.

4.1 • An industrial connection in the name of "Punit Enterprise" at village- Advana Tal/district - Porbandar having contract load 52 HP was released by licensee on Dtd: 23-05-2000 for the purpose of stone crusher.

• This industrial connection was billed by PGVCL under NRGP-L tariff category bearing consumer number no -35729/01013/3 contract load 39 kw. On Dtd: 17-06-2014- this industrial connection of M/s "Punit Enterprise" village- Advana was detected by PGVCL officer under theft of power by breaking pilfer proof M-seal of LT bushing of transformer and making direct connection with load side fuses through 50 mm square cable with the help of welding rod clamp. During installation checking total (63 HP + 700 W) = (46.998 KW + 0.700 KW ) = 47.698 KW direct theft was detected in premises of "Punit Enterprise"

• On the basis of Pilferage of power theft bill was served to "Punit Enterprise Consumer No. 35729/01013/3" worth Rs.22,71,801=91 under section 135 of the Electricity Act 2003 by PGVCL Bagvadar sub division vide – BSD/HR/988 Dtd- 18-06-2014.

4.2 • Due to nonpayment of theft bill by "Punit Enterprise"- special civil suit (electricity) was admitted in District Court Porbandar by PGVCL on Dtd: 30-04-15 having registration number 56/2015 for recovery of arrears worth Rs. 22,71,801=91 plus delay payment charges and expense against legal notice.

• This special civil suit no. 56/2015 admitted by PGVCL against following partners of "Punit Enterprise" as under.
(1) Ranabhai Jethabhai Karavadra
(2)Rasilaben Narbatbhai Odedra
(3)Bharatbhai Keshavbhai Karavadra

• Thereafter- this civil suit no. 56/2015 was transferred to senior Civil Court Porbandar which was registered having new registration number 58/2019 admitted on Dtd: 01-08-19.

• On availability of additional evidences- PGVCL has admitted name of Shri Ketanbhai Jivabhai Karavadra in the Court of law to adjoin him as respondent in this special civil suit number 58/2019 on Dtd: 22-10-2019.

• Accordingly proceedings are pending before senior civil court Porbandar for SCS - 58/2019 in which Shri Ketanbhai Jivabhai Karavadra is adjoined as respondent.

4.3 • Meanwhile- Shri Ketanbhai Jivabhai Karavadra applied for new industrial connection at Village- Advana of Taluka and District Porbandar on Dtd: 19-09-2014 for the same contract demand of 52 HP like "Punit Enterprise". Due to previous outstanding arrears of "Punit Enterprise"- PGVCL informed Shri Ketanbhai Jivabhai Karavadra to clear outstanding arrears worth Rs. 22,71,801=91 before proceeding new industrial connection.

4.4
- Being aggrieved with decision of PGVCL for new industrial connection- Shri Ketanbhai Jivabhai Karavadra admitted regular civil suit no 253/2014 along with interim injunction application in Civil Court Porbandar. The plaintiff has filed his suit for declaration and injunction against defendants and prayed ad-interim injunction against defendants.
- This ad-interim injunction application in RCS. 253/2014 was dismissed on Dt.26-02-2016 by Principal senior civil judge- Porbandar. Later on regular civil suit no. 253/2014 filed by Shri Ketanbhai Jivabhai Karavadra Vs PGVCL was also dismissed for default on Dt.20-06-19 by Principal senior civil judge Porbandar. This way senior civil court has passed final order in favour of PGVCL.

4.5 According to GERC (Consumer and Grievances Redressal Forum & Ombudsman) Regulation 02 of 2019 section 2.33- there are limitations / preconditions for submission of grievances. “A Complainant shall not be entitled to approach the Forum in any of the following cases: ”

i. In cases where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee- are pending before any court- tribunal- arbitrator or any other authority- or a decree or award or a final order has already been passed by any such court- tribunal- arbitrator or authority;

ii. In cases which fall under Sections 126- 127- 135 to 139- 152 and 161 of the Act;

Considering limitations / Pre limitations for submission of grievances- complainant Shri Ketanbhai Jivabhai Karavadra village – Advana Ta./Dist. Porbandar shall not be entitled to approach the Forum.

4.6 As per pera No. 4.5 Appeal of appellant is hereby dismissed.

4.7 Application / representation of applicant stands disposed of.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન